# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# NITIN GADKARI GNR MEETING

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં રાજ્યના રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓની સમીક્ષા કરવામાં આવી. શ્રી ગડકરીએ રસ્તાઓની ઉચ્ચ ગુણવત્તા સુનિશ્ચિત કરવા અધિકારીઓ અને ઇજારદારોને તાકીદ કરી છે. તેમણે માર્ગોના નિર્માણ અને સમારકામમાં નાગરિક સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર પણ ભાર આપ્યો.

બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના તમામ રાજમાર્ગનું યોગ્ય સમારકામ અને જરૂર પડે ત્યારે વિસ્તૃતિકરણના કામ ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ – N.H.A.I. દ્વારા કરાય તેવો શ્રી ગડકરીને અનુરોધ કર્યો. તેમણે અમદાવાદ-મુંબઈ, રાજકોટ—ગોંડલ—જેતપુર, અમદાવાદ—ઉદયપુર માર્ગના પ્રગતિ હેઠળના કામ ઝડપથી પૂર્ણ કરાવવા પણ શ્રી ગડકરીને રજૂઆત કરી.

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રીએ મુખ્યમંત્રીની રજૂઆતને ધ્યાને લઈ રાજ્યમાં N.H.A.I.ની રાજમાર્ગ સહિતની અન્ય પરિયોજના માટે 20 હજાર કરોડ કેન્દ્ર સરકાર તરફથી મંજૂર કરવાની ખાતરી આપી.

ત્યારબાદ શ્રી ગડકરીએ સુરતમાં તમામ મહાનુભાવોની રજૂઆતને ધ્યાને લઈ પલસાણા અંડરપાસ બનાવવા માટેની ખાતરી આપી.

ત્યારબાદ શ્રી ગડકરી વલસાડના ડુંગરી રોલા ખાતે જવા રવાના થયા. ત્યાંથી તેઓ હેલિકોપ્ટરમાં મહારાષ્ટ્રના તલાસરી પહોંચશે, જ્યાં તેઓ અંડર ટનલનું નિરીક્ષણ કરશે.

. . . . . . . . . . . . .

# CHINTAN SHIBIR VALSAD

વલસાડમાં આજથી રાજ્ય સરકારની 12-મી ચિંતન શિબિરનો પ્રારંભ થયો. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યોજાયેલી શિબિરમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો અને 241 જેટલા ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. મુખ્યમંત્રી સહિત મંત્રીઓ અને ઉચ્ચ સનદી અધિકારીઓ આજે સવારે અમદાવાદ રેલવેમથકથી વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેનમાં વલસાડ જવા રવાના થયા હતા..

ઉલ્લેખનીય છે કે, રાજ્ય વહીવટને વધુ નાગરિક કેન્દ્રીત બનાવી તેની અસરકારકતામાં સુધારો કરવાના હેતુથી “સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ”ની વિષયવસ્તુ સાથે ત્રણ દિવસની આ ચિંતન શિબિરનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . .

# MANA PATEL ON COMMONWEALTH

વર્ષ 2030ની રાષ્ટ્રમંડળ રમત અમદાવાદમાં રમાશે. ગ્લાસ્ગોમાં રાષ્ટ્રમંડળ રમતની સામાન્ય સભામાં ગઈકાલે ભારતના નામ પર મહોર લાગી હતી. ત્યારે મૂળ અમદાવાદનાં ભારતીય તરણવીર માના પટેલે આ

અંગે આનંદ વ્યક્ત કર્યો છે. તેમણે આ નિર્ણયને આવકારતા પ્રતિક્રિયા આપી.

**(BYTE: MANA PATEL, SWIMMER)**

. . . . . . . . . . . . .

# BHAVNAGAR KABADDI

ભાવનગરમાં ગુજરાત રમતગમત સત્તામંડળ દ્વારા યોજાયેલા ખેલ મહાકુંભની જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં નંદકુંવરબા મહિલા મહાવિદ્યાલયની ટીમ વિજેતા બની છે. B. M. કૉમર્સ હાઈસ્કૂલના મેદાનમાં યોજાયેલી સ્પર્ધામાં આ વિદ્યાર્થિનીઓએ પ્રથમ ક્રમાંક મેળવતા તમામ લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . . . . . . .

# GIR SOMNATH MELO

ગીર સોમનાથમાં આજથી કાર્તિકી પૂર્ણિમા મેળાનો આજથી પ્રારંભ થશે. વર્ષ 1955થી શરૂ થયેલો આ મેળો લોકસંસ્કૃતિ, આધ્યાત્મ અને મનોરંજનના ત્રિવેણી સંગમ તરીકે જાણિતા છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા સમગ્ર મેળા પરિસર, પ્રવેશદ્વાર, મુખ્યમંદિરોને આવરી લેતા અત્યાધુનિક CCTV

કૅમેરાનું નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે. આ કૅમેરા 24 કલાક કાર્યરત્ રહેશે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(V/C – RAJESH BHAJGOTAR)

. . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 30 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128-મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર 1800-11-7800 પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા MYGOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે. આ ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – SMSના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય સ્વીકારવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.

. . . . . . . . . . . . .

# DANG SIR SANMAN

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે ડાંગમાં S.I.R. માટેના ગણતરીપત્રક અને ડિજિટાઇઝેશનની ઉત્તમ કામગીરી કરનારા બૂથ સ્તરના અધિકારી – BLOનું સન્માન કરાયું છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ BLO ઉમેશ દેસાઈ, યોગિતા ગાંગુર્ડે, રઘુભાઈ સૂર્યવંશીને પ્રશસ્તિપત્ર એનાયત કર્યા હતા.

. . . . . . . . . . . . .